**SAMVAD E-JOURNAL**
ISSN (Online) : 2583-8334
**(International Peer-Reviewed Refereed Journal)**
**Volume 4, Issue-2, April to June : 2026**
**Published by Rangmati Publication** **http://www.rangmatipublication.com/**

# રાષ્ટ્રીય એકતા અને શ્રેષ્ઠ રાષ્ટ્રના નિર્માણમાં સંસ્કૃત ભાષા-સાહિત્યની ભૂમિકા

*ડૉ. શૈલેષકુમાર મોહનસિંહ રાઉલજી*

**પ્રસ્તુત વિષયને નીચેના સાત ભાગો દ્વારા સમજવાનો પ્રયાસ કરીશું :**

ભારત વિશેનો વિમર્શ, રાષ્ટ્રની અવધારણા, દેશ-રાજ્ય અને રાષ્ટ્ર વચ્ચેનો ભેદ, રાજ્ય - રાષ્ટ્ર વિશે પશ્ચિમ અને ભારતનું ચિંતન, રાષ્ટ્રીય એકતા એટલે શું ?, શ્રેષ્ઠ રાષ્ટ્રના નિર્માણમાં સંસ્કૃત ભાષા-સાહિત્યની ભૂમિકા શું છે ? એક કૃતિ- उत्तरसीताचरितम् નું ઉદાહરણ.

**ભારત વિશેનો વિમર્શ ::**

અંગ્રેજો ભારતમાં આવ્યા અને આ દેશ ને જોયો તો પ્રથમ તો તેમના સમજણમાં જ ન આવ્યું કે આટલો મોટો દેશ, અનેક પ્રકારની ભાષા-બોલીઓ અહીં છે, અનેક પ્રકારની પૂજા-પંથ -ઉપાસના અહીં છે, કેટલાય પ્રકારની રહેણી-કરણી અહીંયા છે, કેટલાય પ્રકારના ખાનપાન અહીયાં છે. કોઈ એક સમાજ આટલી બધી વિવિધાતાઓ વાળો કેવી રીતે હોઈ શકે ? એક સમાજ ન હોઈ શકે તો એક રાષ્ટ્ર પણ ન હોઈ શકે. એટલે તે અંગ્રેજો એ કહ્યું કે ભારત એ કોઈ રાષ્ટ્ર નથી ભારત એ એક ઉપમહાદ્વીપ છે. આ એક ભૌગોલિક ઉપમહાદ્વીપ છે આમાં અનેક પ્રકારના લોકો રહે છે ..અને આ આગળ જતાં કહ્યું કે આ અનેક પ્રકારના લોકો નથી પરંતુ અનેક પ્રકારના રાષ્ટ્ર છે. આમ, ભારતીય ઉપમહાદ્વીપ માંથી એક વ્યાખ્યા નીકળી કે India is a multi National Culture . ભારત એ Multi National Country છે. બહુ રાષ્ટ્રવાદી દેશ છે. આમાં ભૌગોલિક અને ઐતિહાસિક જ્ઞાન નો અભાવ તો હતો જ સાથે સાથે અંગ્રેજોએ આમાંથી રણનૈતિક વાત રજૂ કરી અને એ હતી કે અહીં જેટલા પણ લોકો રહે છે એ બધા બહારના છે. સૌથી પહેલા આર્ય બહારથી આવ્યા પછી ગ્રીક, શક, હૂણ, યૂનાની, અરબ, તુર્ક, મંગોલ, પઠાણ આવ્યા અને અમે અંગ્રેજો પણ આવ્યા. આમ, આર્યોથી લઈને અંગ્રેજો સુધી અહીં બધાનું આવાગમણ રહ્યું છે એટલે આ દેશની પોતાની કોઈ ઓળખ નથી. હવે તેની કોઈ ઓળખ બની છે તો તેના ત્રણ સ્વરૂપ ધ્યાનમાં આવે છે. એક એવા પ્રકારના લોકો છે જે મૂર્તિ પૂજક છે - હિન્દૂ છે, જે પોતાને સનાતની કહે છે. બીજા એ છે કે જે મધ્યકાળમાં આક્રમણોને કારણે મુસલમાન અહીં આવ્યા અને લોકો મુસલમાન બન્યા તો એ મુસલમાન અહીં છે. અને ત્રીજા અહીં જે આર્યો આવ્યા હતા એ આર્યોએ અહીના લોકોને ગુલામ બનાવ્યા એ દ્રવિડ અને દલિત છે. તો આ હિન્દુઓનો, દલિતોનો અને મુસલમાનોનો બનેલો દેશ છે. આ કોઈ રાષ્ટ્ર નથી. આવા નકારાત્મક ખોટા વિમર્શ અંગ્રેજો દ્વારા ફેલાવવામાં આવ્યા. આ સમયે એવા અનેક મહાપુરુષ થયા જેમને અંગ્રેજોની આ વ્યાખ્યાનો પ્રતિકાર કર્યો – ઉત્તર આપ્યો જેમાં સ્વામી વિવેકાનંદ, મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહર્ષિ અરવિંદનો સમાવેશ થાય છે. આમાંથી મહર્ષિ અરવિંદે અંગ્રેજોના જ શબ્દોમાં પ્રત્યુત્તર આપ્યો. તેમનું પુસ્તક છે – Foundation of Indian Culture. આ પુસ્તક આપણે વાંચવું જોઈએ. મહર્ષિ અરવિંદે આ પુસ્તકમાં જે વાત રજૂ કરી છે એ વાત લોકમાન્ય ટીલકની ગીતા રહસ્યમાં પણ છે. વિપીનચંદ્ર પાલ અને રવીન્દ્રનાથ ના સાહિત્યમાં પણ છે. બંગભંગ ના આંદોલનોમાં જે સાહિત્ય નિર્માણ થયું એમાં પણ જોવા મળે છે અને એ છે કે, ભારત ઉપમહાદ્વીપ નથી, બહુરાષ્ટ્રવાદી દેશ નથી પરંતુ ભારત એક રાષ્ટ્ર છે, પ્રાચીન રાષ્ટ્ર છે.

**રાષ્ટ્રની અવધારણા ::**

રાષ્ટ્ર શબ્દ આપણી ભારતીય ભાષા સંસ્કૃત ભાષામાં છે તો તેનો અર્થ પણ તે અનુસાર જ કરવો પડે. જો રાષ્ટ્રને પશ્ચિમના શબ્દ Nation થી સમજવાનો પ્રયાશ કરીશું તો તેને સમજી શકાશે નહીં. જેમ ધર્મ એ religion નથી તેમ રાષ્ટ્ર એ Nation નથી. Nation એ શબ્દ લેટીન ભાષાના 'નેશીઓ' થી બન્યો છે. જ્યારે Nation અને 'નેશીઓ' બંને ન હતા તે પહેલા ભારતીય વાંડમયમાં રાષ્ટ્રની અવધારણા છે. રાષ્ટ્રની અવધારણા વૈદિક છે.

"भद्रं इच्छन्त ऋषयः स्व र्विदस्तपो दीक्षां उपसेदुः अग्रे ।

ततो राष्ट्रं बलं ओजश्च जातम् तदस्मै देवा उपसं नमन्तु ॥ " - अथर्ववेद १९-४१-०१

બધાનું કલ્યાણ થાય એવી ઈચ્છા રાખનારા ઋષીઓએ તપ અને દીક્ષાની ઉપાસના કરી અને એના થકી રાષ્ટ્રની ઉત્પન્ન થઈ. રાષ્ટ્ર નિર્માણ પામ્યું. તેમાં ઓજ અને બળ ઉત્પન્ન થયું. આ રાષ્ટ્રને દેવો પણ નમસ્કાર કરે ! આ ભારત રાષ્ટ્ર પશ્ચિમના રાષ્ટ્રની જેમ કોઈની પ્રતિક્રિયામાં ઉત્પન્ન થયું નથી અપિતુ બધાનું શુભ થાય- કલ્યાણ થાય એ માટે ઉત્પન્ન થયું છે. અને આ દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ. આ આપણે જ નહીં પરંતુ વિદેશના વ્યક્તિઓ કહી રહ્યા છે. તાજેતરમાં ૨૬ મી જાન્યુઆરીએ યૂરોપીય આયોગના અધ્યક્ષ ઉરસૂલા વૉન ડેર લેયેન ભારતના અતિથિ બન્યા. તેમણે કહ્યું કે, "भारत आगे बढ़ चुका है और यूरोप इससे सचमुच खुश है, क्यों क जब भारत सफल होता है, तो दुनिया और ज्यादा स्थिर, समृद्ध और सुर क्षत होती है, और इसका फायदा हम सभी को मलता है।"

રાષ્ટ્રનું નિર્માણ ભૂમિ, જન અને સંસ્કૃતિથી થાય છે. લાંબા સામે સુધી એ ભૂમિ સાથે રહેવાથી એ ભૂમિ સાથેનો સંબંધ બંધાય છે. આ રાષ્ટ્રનો તેમાં રહેતા લોકો સાથે એક ભાવ-સંબંધ બંધાયો અને એ ભાવ છે પુત્રપણાનો ભાવ. "माता भू मः पुत्रोऽहं पृ थव्याः" (अथर्ववेद 12.1.12) આ ભૂમિ એ મારી માતા છે અને હું તેનો પુત્ર છું. ભૂમિ એટલે કઈ ભૂમિ ? તો વિષ્ણુપુરાણમાં કહ્યું છે –

"उत्तरं यत्समुद्रस्य हिमाद्रेश्चैव द क्षणम्।

वर्ष तद्भारतं नाम भारती यत्र सन्ततिः ।।" ( वष्णु पुराण २-३-०१)

"माता भू मः पुत्रोऽहं पृ थव्याः" નું આધુનિક સંસ્કરણ છે भारतमाता की जय और वंदे मातरम्।

"माता भू मः पुत्रोऽहं पृ थव्याः" નું Culmination , તેની પરાકાષ્ટા છે अयं निजः परो वेति गणना लघुचेतसाम् । उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥ આ આપણી રાષ્ટ્રીયતાનું અધિષ્ઠાન છે.

આઝાદી પછી પણ "We are a nation in making" એવું કહેવામાં આવતું હતું જે ખોટું છે. ઈતિહાસ અને પુરાતત્વના આધાર પર ઓછામાં ઓછા ૮૦૦૦ વર્ષોથી તો ભારત એક રાષ્ટ્ર તરીકે વિદ્યમાન છે જ. આ નવું રાષ્ટ્ર કે બની રહેલું રાષ્ટ્ર નથી . ભારત એક પ્રાચીન રાષ્ટ્ર છે. આ અનેક રાષ્ટ્રોનું સમૂહ ઉપમહાદ્વીપ નથી પરંતુ ઉત્તરથી દક્ષિણ સુધી એક રાષ્ટ્ર છે.

પહેલા જ્યારે ધર્મ પૂર્ણ રૂપે હતો ત્યારે રાજ્યની આવશ્યકતા જ ન હતી.

न राज्यं न राजाऽसीन्न दण्डयो न च दाण्डिकः ।

धर्मेणैव प्रजास्सर्वा रक्षन्ति स्म परस्परम् ॥ **શાંતિપર્વ ૫૯.૧૪**

આવી સ્થિતિને સતયુગ કહે છે. હવે ધર્મ ઓછો થયો તો રાજ્યની જરૂર પડી. તો આપણી સમક્ષ હવે કુલ ત્રણ શબ્દો આવીને ઊભા રહે છે : **દેશ, રાજ્ય અને રાષ્ટ્ર**

**દેશ, રાજ્ય અને રાષ્ટ્ર વચ્ચેનો ભેદ :** દેશ એ ભૌગોલિક એકમ છે. રાજ્ય એ રાજનૈતિક એકમ છે જ્યારે રાષ્ટ્ર એ સાંસ્કૃતિક એકમ છે.

**દેશ** – ભૂમિ અને જનથી દેશ બને છે. એક નિશ્ચિત ભૂખંડ અને તેમાં રહેનાર માનવ સમૂહ મળીને દેશ બને છે.

**રાજ્ય** – રાષ્ટ્રની આવશ્યકતાઓની પૂરી કરનાર એક અંગ છે રાજ્ય.

**રાષ્ટ્ર** – રાષ્ટ્રના નિર્માણ માટે નિશ્ચિત ભૂ-ભાગ, અને એ ભૂ-ભાગ પર રહેનારા સમાજની એ ભૂમિ પ્રત્યેની અવિભાજ્ય નિષ્ઠા હોવી જોઈએ. જેમાં સુખ-દુઃખ, જય-પરાજયની સમાન ભાવના, સમાન શત્રુ-મિત્ર ભાવ અને એક વિશિષ્ઠ સંસ્કૃતિ હોવી જોઈએ. આ એક જીવંત એકમ છે. ખૂબ લાંબા કાલ ખંડમાં આનો વિકાસ થાય છે. તેના માટે ભૂ-ભાગમાં નિવાસ કરનાર માનવસમૂહનો એ ભૂમિની સાથે માતા અને પુત્રનો તાદાત્મ્યનો ભાવ, સમાન પરંપરાઓ અને સમાન મહત્વકાંક્ષાઓ હોવી જોઈએ. રાષ્ટ્ર માટે કેવળ ભૂમિ, જન અને શાસન પર્યાપ્ત નથી. સંસ્કૃતિ હોવી જોઈએ જે રાષ્ટ્રની આત્મા છે. રાષ્ટ્ર માટે આવશ્યક તમામ બાબતો ભારતમાં છે અતઃ ભારત એક રાષ્ટ્ર છે.

રાષ્ટ્ર એ કેવળ ભૂભાગ અને વ્યક્તિથી નથી બનતું.

ઉદાહરણ : એક વ્યક્તિનો જન્મ થયો તો એના રાષ્ટ્રનું કોઈ એક નામ, જ્યારે એનું લગ્ન થયું ત્યારે એના રાષ્ટ્રનું બીજું કોઈ નામ અને જ્યારે એનું મૃત્યુ થયું ત્યારે એના રાષ્ટ્રનું બીજું કોઈ નામ થઈ ગયું. ૧૯૪૬ માં કોઈનો ઢાકામા જન્મ થયો તે સમયે એના રાષ્ટ્રનું નામ ભારત હતું. જ્યારે ૧૯૭૧ પહેલા એનું લગ્ન થયું તો તે સમયે એના રાષ્ટ્રનું નામ પૂર્વ પાકિસ્તાન થઈ ગયું. અને ૧૯૭૧ પછી એનું મૃત્યુ થયું તો એના રાષ્ટ્રનું નામ બાંગ્લાદેશ થઈ ગયું. વ્યક્તિનું ઘર-રહેવાનું સ્થાન નથી બદલાયું. પણ રાષ્ટ્ર એના જીવનમાં ત્રણ ત્રણ વાર બદલાઈ ગયું. તો શું રાષ્ટ્ર એ એટલી કુત્રિમ સંજ્ઞા છે ? અહીં માત્ર દેશ-રાજ્ય બદલાયું છે રાષ્ટ્ર નહીં. કારણ કે રાષ્ટ્ર એ માત્ર કોઈક ભૂ-ભાગ નથી. રાષ્ટ્ર એ આપણી સાંસ્કૃતિક અવધારણા છે.

**રાજ્ય સાધન માત્ર** - પશ્ચિમમાં રાજ્ય સાધ્ય છે. આપણે ત્યાં રાજ્ય સમાજ જીવન ચલાવવા માટે એક સાધનમાત્ર છે. ભારતમાં ભૌતિકતાનું નહીં અપિતુ શાશ્વત મૂલ્યોનું મહત્વ છે. અને એ શાશ્વત મૂલ્યો માટે રાજ્ય સહયોગી રહ્યું છે. શિવાજીએ માત્ર રાજ્ય પ્રાપ્ત કરવા સંઘર્ષ કર્યો ન હતો અપિતુ હિંદવી સ્વરાજની સ્થાપના માટે અને તેના સહજ સ્વાભિમાનને પાછું લાવવા માટે સંઘર્ષ કર્યો હતો. કે જેથી તે રાજ્યમાં પોતાના જીવન મૂલ્યોની સ્થાપના કરી શકે.

પશ્ચિમમાં રાષ્ટ્રની કલ્પના – પશ્ચિમમાં નાના નાના રાજ્ય મળીને રાષ્ટ્રનું નિર્માણ થયું છે. અર્થાત રાજયોથી રાષ્ટ્ર વિકસિત થયા છે. ઉદા. સ્કોટલેન્ડ, આયર્લેન્ડ અને વેલ્સ રાજ્ય મળીને ઈંગ્લેન્ડ રાષ્ટ્ર બન્યું. અમેરિકા પણ ૫૦ રાજ્યો મળીને બનેલ રાષ્ટ્ર છે. આથી પશ્ચિમમાં રાષ્ટ્ર રૂપી સમગ્ર ચિંતન રાજ્યોની ચારે બાજુ ફરે છે.

રાષ્ટ્ર વિષે ભારતીય ચિંતન – ભારતમાં રાજ્ય બદલાયા પરંતુ રાષ્ટ્ર અક્ષુણ્ણ રહ્યું. અહીયાં અનેક વિદેશી આક્રમણો થયા. તેમણે અહીં રાજ્ય પણ સ્થાપિત કર્યું પરંતુ ભારત રાષ્ટ્ર સમાપ્ત થયું નહી. દુનિયા ના અનેક પ્રસિદ્ધ રાષ્ટ્રો આક્રમણોને કારણે નષ્ટ થઈ ગયા. यूनान मश्र रोम सब मट गए जहां से कुछ बात है की हस्ती मटती नहीं हमारी। यह कुछ बात जो है वो है हमारी राष्ट्रीय एकता । પશ્ચિમમાં રાષ્ટ્રનો આધાર રાજનૈતિક હતો તેથી રાજ્ય નષ્ટ થયા તો રાષ્ટ્ર પણ નષ્ટ થઈ ગયા. પરંતુ ભારતમાં રાષ્ટ્રનો આધાર સામાજિક અને સાંસ્કૃતિક છે. આથી આપણું રાષ્ટ્ર ચિરંતન છે.

**રાષ્ટ્રીય એકતા એટલે શું ?**

રાષ્ટ્રીય એકતાને ભૌગોલિક એકતા, સાંસ્કૃતિક કે સામાજિક એકતા, ઐતિહાસિક એકતા અને ભાષાગત એકતાના સંદર્ભમાં સમજવાનો પ્રયાસ કરીએ.

**ભૌગોલિક એકતા :**

"उत्तरं यत्समुद्रस्य हिमाद्रेश्चैव द क्षणम् ।
वर्ष तद्भारतं नाम भारती यत्र सन्ततिः ।।"

( वष्णु पुराण २-३-०१)

"हिमालयं समारभ्य यावत् इन्दु सरोवरम् ।
तं देवनि र्मतं देशं हिन्दुस्थानं प्रचक्षते ।।" बृहस्पति आगम

ભારતભૂમિનું પોતાના જળપ્રવાહથી સિંચન કરતી ગંગા, યમુના આદિ અનેક નદીઓ ભૌગોલિક એકતાનું પ્રતિક છે. સ્નાન પહેલા સાત પવિત્ર નદીઓનું સ્મરણ કરવાની આપણી પરંપરા રહી છે :

"गंगे च यमुने चैव, गोदावरिसरस्वति ।
नर्मदे सन्धुकावेरि जलेऽस्मिन सन्नि धं कुरू ।।"

**આ નદીઓ ભારતના અલગ અલગ ભૂ ભાગ પરથી વહે છે છતાંય સમગ્ર ભારતમાં અત્યંત શ્રદ્ધા સાથે તેમનું નામ લેવાય છે.**

**આપણી જન્મભૂમિ, ભરતભૂમિ સ્વર્ગથી પણ મહાન છે. - "जननी जन्मभू मश्च स्वर्गाद प गरीयसी" – રામાયણ**

**સાંસ્કૃતિક કે સામાજિક એકતા :**

સમાન પવિત્ર ગ્રંથ : વેદ, ઉપનિષદ, બ્રાહ્મણગ્રંથ, આરણ્યકગ્રન્થ, સ્મૃતિગ્રંથો, આગમ કે ત્રિપિટક ગ્રંથ, શ્રી ગુરુગ્રંથ સાહેબ, રામાયણ, મહાભારત, ગીતા તથા ॐ કાર અને સ્વસ્તિકની સર્વત્ર માન્યતા પ્રાપ્ત થઈ છે.

સમાન તીર્થસ્થાન : આદ્ય જગદ્‌ગુરુ શંકરાચાર્ય દ્વારા સ્થાપિત ચાર મઠ , શિવ ના ૧૨ જ્યોતિર્લિંગ, શક્તિપીઠો, વૈષ્ણવ-બૌદ્ધ- શીખ તથા અન્ય સંપ્રદાયોના કેટલાય તીર્થક્ષેત્રો સમગ્ર ભારતવર્ષમા ફેલાયેલા છે. બધા જ સંપ્રદેઓનો એકબીજા પ્રત્યે આદરનો ભાવ છે.

સમાન તહેવાર : કુંભ અને અર્ધકુંભ વગેરેના મેળાઓ, વર્ષપ્રતિપદા, મકર સંક્રાંતિ, વિજયાદશમી, દિવાળી, હોળી વગેરે અનેક સમાન ઉત્સવો ભારતભરમાં ઉજવાય છે.

સિદ્ધાંતોની સમાનતા :

આત્માની અમરતા – नैनं छिन्दन्ति शस्त्रा ण नैनं दहति पावकः।

न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः॥ ગીતા ૨.૨૩

न हण्यते हण्यमाने शरीरे..

કર્મફળનો સિદ્ધાંત - जैसी करनी वैसी भरनी વગેરે..

પુનર્જન્મમાં વિશ્વાસ -

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च।

तस्मादपरिहार्येऽर्थे न त्वं शो चतुमर्ह स ॥ ગીતા ૨.૨૭

ત્યાગનો સિદ્ધાંત આપણા ત્યાં છે : ईशा वास्य मदं सर्वं यत्किञ्च जगत्यां जगत् । तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद्धनम् ॥ ત્યાગીને ભોગવવું જોઈએ એ સિદ્ધાંતને બધા જ ભારતવાસીઓ માને છે.

સમાન માનબિંદુ : ગાય - गावो वश्वस्य मातरः। , ગુરુ - आचार्य देवो भव, શૌર્ય અને બલિદાનનું પ્રતિક એવા ભગવોદ્વજ, ગંગા વગેરે પ્રતિ સમાન શ્રદ્ધા રાષ્ટ્રમાં સર્વત્ર છે.

સમાન આદર્શ :

मातृवत् परदारेषु, परद्रव्येषु लोष्ठवत् । आत्मवत् सर्वभूतेषु, यः पश्यति सः पण्डितः ॥ વગેરે..

**ઐતિહાસિક એકતા ::**

વિદેશીઓ દ્વારા આક્રમણો થયા ત્યારે પ્રાંત, ભાષા વગેરેના ભેદો ભૂલીને બધાએ સાથે મળીને પ્રતિકાર કર્યો છે અને એ આપણી પરંપરા રહી છે. ઈ. સ. પૂર્વ ૩૨૬ માં રાજા પોરસ ના આક્રમણને કારણે યૂનાની સેના જ્યારે પાછી ફરે છે ત્યારે તે બે ભાગમાં વિભાજિત થઈ ગઈ હતી. એક ભાગ ફિલિપ્સના નેતૃત્વમાં અને બીજો ભાગ સિકંદરના નેતૃત્વમાં. માલવો અને ક્ષુદ્રકોના સંગઠિત પ્રયત્નોથી સિકંદર પરાજિત થયો. પછી તે જ યુદ્ધોમાં થયેલા ઘા ને કારણે સિકંદરનું મૃત્યુ પણ થયું. ચાણક્યની સહાયતાથી ચંદ્રગુપ્તનું શાસન ગાંધાર સુધી પહોંચ્યું હતું. ઈ. સ. પૂર્વ ૧૯૦માં કલિંગના રાજા ખારવેલે પાટલીપુત્રનો કિલ્લો તોડીને પહેલા યવન રાજા ડેમિટ્રીયસને પરાજિત કર્યો હતો. ચંદ્રગુપ્ત, વિક્રમાદિત્ય, શાલિવાહન, યશોવર્મા, સમુદ્રગુપ્ત વગેરેએ રાજનૈતિક એકતા સ્થાપિત કરવાનો પ્રયાસ પણ કર્યો છે.

**સમાન રાષ્ટ્રીય મહાપુરુષ :** મહારાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી, ગુરુ ગોવિંદ સિંહ, રાની ચનમ્મા, બંદાવૈરાગી, તાત્યા ટોપે, રાણી લક્ષ્મીબાઈ, ભગતસિંહ વગેરે.. સમાન રાષ્ટ્રીય મહાપુરુષ રહ્યા છે.

**ભાષાગત એકતા :** બધા પ્રાંત- રાજ્યની અલગ અલગ ભાષા છે. સંસ્કૃતભાષા સર્વત્ર સમાનરૂપથી આદરણીય છે. રાષ્ટ્રને એકસૂત્રમાં બંધનારી ભાષા સંસ્કૃત જ છે. હિન્દી અને અન્ય બધી પ્રાંતીય ભાષાઓની જનની છે. પ્રાચીનકાળથી વેદ, ઉપનિષદ, પુરાણ, રામાયણ, મહાભારત વગેરે બધા જ જ્ઞાન-વિજ્ઞાન ના ગ્રંથ સંસ્કૃતમાં છે. મહાવરા, શકુન-અપશકુનનો વિચાર આખા દેશમાં અને બધી ભાષામાં એક સમાન છે. દેશની બધી ભાષાઓના લોકગીતોમાં વિષયવસ્તુ – કથાઓ એક સમાન જ છે. જે રાષ્ટ્રની એકતાનું જ્વલંત પ્રમાણ છે. એટલે આપણને કહેતા આનંદ થાય કે, **ભાષાની વિવિધાતાઓ ભારતમાતાની એકતારૂપી વર્ણમાળામાં અલગ-અલગ પ્રકારના સુંદર અને મનોહર મોતી છે.**

રાષ્ટ્રની સંકલ્પના અને રાષ્ટીય એકતાને આપણે સંસ્કૃત સંદર્ભોથી સમજ્યા છીએ. થોડા વધુ વિસ્તારથી સમજીએ. કોઈ પણ કાર્યને સિદ્ધ કરવા માટે પાંચ બાબતો જરૂરી છે.

अ धष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम्।

व वधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पञ्चमम्॥ ગીતા ૧૮-૧૪

અધિષ્ઠાન એટલે મૂળ વિચાર કે જેને ધ્યાનમાં રાખીને કાર્યને સિદ્ધ કરવાનું હોય છે. શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ એ આપણું લક્ષ્ય છે. જેને બીજા શબ્દમાં આપણે કહીએ છેએ કે ભારતને વિશ્વગુરુ બનાવવાનો છે. જે વિશ્વગુરુ છે તે શ્રેષ્ઠ છે. તો આ લક્ષ્યને સિદ્ધ કરવા માટેના આપણાં કાર્યનું

અધિષ્ઠાન શું હોવું જોઈએ ? એ સંસ્કૃત ભાષા બતાવે છે અને એ છે - "वसुधैव कुटुम्बकम्"

वसुंधरा परिवार हमारा.. वसुंधरा परिवार हमारा..

हिंदू का यह वशाल चंतन, इस वैश्विक जीवन दर्शन से

मानवजाती होगी पावन, वसुंधरा परिवार हमारा

આપણે આપણા આ રાષ્ટ્રને વિકાસના પથ પર આગળ વધારવાનું છે પરંતુ અમેરિકા કે ચીનની જેમ મહાશક્તિ બનાવવાનું નથી અપિતુ એક એવું રાષ્ટ્ર બનાવવું છે કે જે દુનિયાને ત્રસ્ત કરનારી સમસ્યાઓનું નિરાકરણ લાવી શકે અને પોતાના આચરણ દ્વારા દુનિયાને શાંતિ, પ્રેમ અને સમૃદ્ધિનો માર્ગ બતાવી શકે. આવું આચરણ પ્રત્યેક ભારતવાસીનું કરવું છે.

આત્મવિસ્મૃત થયેલ આપણને સંસ્કૃતભાષા આપણા સ્વનો બોધ કરાવે છે. वयं के ? આપણે કોણ છીએ ? તો अमृतस्य पुत्राः આપણે અમૃતાના પુત્રો છીએ. की शाः वयं આપણે કેવા છીએ ? તો આપણે વિશ્વના લોકોને સદાચાર શીખવનારા છીએ.

एतद् देश प्रसूतस्य सकाशाद् अग्रजन्मनः।

स्वं स्वं चरित्रं शक्षेरन् पृ थव्यां सर्वमानवाः॥ मनुस्मृति २.२०

"આ દેશમાં જન્મેલા વિદ્વાન મનુષ્યો પાસેથી પૃથ્વી પર રહેનારા બધા જ મનુષ્યોએ પોતપોતાનો સદાચાર શીખવો જોઈએ." આમ, સંસ્કૃત ભાષા-સાહિત્ય આપણને "સ્વ" નો બોધ કરાવીને વૈદિકસાહિત્ય, રામાયણ, મહાભારત, ષડ્ દર્શનો, પુરાણો, સ્મૃતિગ્રંથો, પંચતંત્રની કથાઓ, મહાકાવ્યો, નાટકો વગેરે દ્વારા પોતાની આગવી શૈલીથી આપણને સદાચાર શિખવાડીને વિશ્વગુરુ બનવાનો માર્ગ પ્રશસ્ત કરે છે.

રાષ્ટ્રીય એકતા માટે આપણો સંગઠન મંત્ર ॐ संड्गच्छध्वं संवदध्वं.... અત્યંત ઉપકારક છે. સંસ્કૃત સાહિત્ય અત્યંત વિશાળ છે. દરેક કૃતિ વિષે અત્યારે વાત કરવી શક્ય નથી અતઃ કોઈ એક કૃતિ લઈને તેમાંથી શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ માટેના જે તત્વો પ્રાપ્ત થાય છે તે આપની સમક્ષ મુકીશ. એ કૃતિ છે રેવા પ્રસાદ દ્વિવેદી કૃત उत्तरसीताचरितम् મહાકાવ્ય. આ કૃતિ એટલા માટે પસંદ કરી છે કે આનો પરિચય બધાને ઓછો છે. સ્વતંત્રતા પછી જે મહાકાવ્યો લખાયા એમાં સાશ્વત મૂલ્યો, રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્રીય ચેતનાની અવિછિન્નધારા પ્રવાહિત થતી જોવા મળે છે. અહીં માતા સીતાના ચરિત્રના વર્ણનની સાથે સાથે રાષ્ટ્રભક્તિ, સ્વાભિમાન, ચારિત્ર્યશુદ્ધિ, યોગનું મહત્ત્વ, વાણીનો સમ્યક પ્રયોગ, આદર્શ રાજા અને રાજ્ય, દાંપત્ય પ્રેમ, એકતા, વીરતા વગેરેનું નિરૂપણ છે. અહીં સીતાને 'राष्ट्रस्य देवी' ભરતરાષ્ટ્રની દેવી કહેવામાં આવી છે.

**રાષ્ટ્રપ્રેમ :**

ननु भारतभू मरस्ति नः सकला सूः शरनं चा सर्वदा। (૪-૫૩)

ભારતભૂમિ હંમેશા માટે આપણી માતા છે આપણું ઘર છે. વાલ્મીકિના આશ્રમમાં પોતાના બે બાળકો સાથે રહી રહેલ સીતા સ્વયં કષ્ટ સહન કરીને બધી જ વનસ્પતિઓને પાણી પાતી હતી. આના પર કવિ કહે છે કે જો તે આવું ન કરતી તો માતૃભૂમિના એક એક કણ પર તેને ઉચ્ચતમ સ્વદેશભક્તિ કેવી રીતે

ઉત્પન્ન થતી? કવી ખૂબ જ મહત્ત્વ પૂર્ણ વાત કહે છે કે, કોઈ પણ વ્યક્તિ જ્યાં સુધી પોતાની ભૂમિ નો સ્પર્શ ન કરે ત્યાં સુધી તે તેના પ્રત્યે મમત્વપૂર્ણ થઈ શકતો નથી.

**બાળકો પ્રત્યેનો આપણો દૃષ્ટિકોણ રાષ્ટ્રકેન્દ્રીત હોવો જોઈએ :** भवति बुधजनो न हि स्वदेशान्कुर इव बालजने कदाप्युदस्तः। (૬-૪૯) સંતાનોના પાલન પોષણમા પણ કેન્દ્રમાં રાષ્ટ્રહિત હોવું જોઈએ. સીતા પોતાના રાષ્ટ્રના વિકાસ માટે લવ-કુશનું ખૂબ શાંત ચિત્ત થી પાલન પોષણ કરતી હતી. निजभुवन वकासनेच्छुरेषा व धवदपुष्यदतिप्रशान्त चेताः।(૬-૭૦)

**દાંપત્ય પ્રેમ :** રાષ્ટ્રીય એકતા માટે કુટુંબની એકતા અનિવાર્ય છે. આ કુટુંબનો આધાર દાંપત્ય જીવન પર છે. પતિ-પત્ની નો પરસ્પારિક પ્રેમ કુટુંબને એક બનાવી રાખે છે. કવી કહે છે કે, પ્રેમની શાશ્વતતા એવા જ પ્રકારની હોય છે જેમ સુવર્ણમાં સુવર્ણકાન્તિ હોય છે.

**ચારિત્ર્યની મહત્તા :**

કૌશલ્યા સીતાને કહે છે કે, તે મારા પુત્ર માટે ધારણ કરેલ વ્રતને તોડ્યું નથી અને પતિવ્રતાઓની લાજ બચાવી લીધી એટલે शुभे! त्वमेव वन्ध्या स ममाधुना।(૧-૧૬)

चरित्रमुद्रा यदियं गरीयसी ततोऽ स रामाद प लक्ष्मणाद प। (૧-૧૮)

त्वमेव भास्वत्कुल-कीर्ति-केतने वृषाङ्कमुद्रा स नृलोकवन्दिता।
त्वमेव रामायणनाम्नि मन्दिरे वभा स सर्वप्रमुखा च देवता॥ (૧-૧૯)

त्वयोन्नतं दाशरथं शरोऽद्य तत, त्वया प्रकाशोऽन्वय एष भास्वतः।
त्वायाऽस्ति पूतानन्नु मानवी मही त्वया सगर्व खलु राष्ट्रमस्ति नः॥ (૧-૨૦)

**આત્મનિર્ભરતા - સ્ત્રી સશક્તિકરણ – વિશ્વકલ્યાણ માટે :**

સ્વયં કૃષિકર્મ, વસ્ત્રનિર્માણ, રામકડાનું નિર્માણ. 'प्रथमो गुरुः प्रसूर्हि'

अबला प्रबलात्वमीयुषी कमु न स्याज्जगती शवेच्छया। (૪-૫૭)

**શિક્ષા રાષ્ટ્રવિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે અતઃ રૂચિનું ધાન રાખવું :**

युगल मदमतः परीक्ष्य शक्षारु च मनुरूपमहं प्र शक्षयिष्ये।

व्रजति वफ़लताम् सतां प्रयासो रु चपयसां श खवत्म्मकर्षेन॥ (૭૨૫)

રામની પ્રજા અશિક્ષિત હતી એટલે સીતાએ વનમાં જવું પડ્યું.

**રાષ્ટ્રમાં એકતા લાવવા હેતુ વાણીના પ્રયોગ પ્રત્યે સભાનતા રાખવી જરૂરી :**

मतं न यच्च न हन्त सारं वग्लापनामात्र मदं स्ववाचः। (૯-૩૬)

**રાષ્ટ્રના હિત માટે આશ્રમ વગેરેનું નિર્માણ થવું જોઈએ :** राष्ट्राप तं क्षपयितु ममे नि र्मता आश्रमा नः। (૫-૭૦)

**ભારતની શ્રેષ્ઠતાનું એક મહત્વપૂર્ણ કારણ : તત્વજ્ઞાન – શરીરની નશ્વરતા અને આત્માની અમરતા**

સીતા કહે છે કે, "શરીરી અર્થાત આત્મા સ્વયં ઈચ્છે છે કે શરીરને વધુ મહત્વ આપવામાં ન આવે. મેઘમાં વિદ્યુતની જેમ શરીરમાં એક ચેતન તત્ત્વ રહે છે. (૩.૪૭)

આ રીતે અન્ય કૃતિઓનો પણ વિચાર કરી શકાય.

"આપણે રાષ્ટ્રીય એકતા અને શ્રેષ્ઠ રાષ્ટ્રના નિર્માણમાં સંસ્કૃત ભાષા-સાહિત્યની ભૂમિકા વિષે થોડું જ્ઞાન મેળવ્યું છે આજ રીતે અન્ય ભાષા સાહિત્યનો પણ આભ્યાસ થાય એ આવકાર્ય છે. અને થયેલ એ અભ્યાસને સમાજમાં લઈ જવામાં આવે તો સાહિત્ય દ્વારા સમાજજાગરણનું ઉત્તમ કાર્ય થયું એમ કહી શકાય અને વર્તમાનની આ આવશ્યકતા પણ છે."

**સંદર્ભગ્રંથ સૂચિ ::**

(१) कंजवडेकर रामचंद्रशास्त्री, महाभारतम् - शांतिपर्व, ओरियण्टल बुक्स री प्रन्ट कार्पोरेशन दिल्ली, द् वतीय संस्करण १९७९

(२) गुप्त मुनिलाल, श्री वष्णुपुराण, गीताप्रेस गोरखपुर, छप्पनवाँ पुनर्मुद्रण, सं. २०७६

(३) झा गंगानाथ, मनुस्मृतिः (प्रथमो भागः), परिमल पब्लिकेशन्स,दिल्ली, संस्करण २००४

(४) ठाकुर नरेंद्र, भारत की भारतीय अवधारणा, वमर्श प्रकाशन नई दिल्ली, द् वतीय संस्करण २०१८

(५) द् ववेदी रेवाप्रसाद, उत्तरसीताचरितम्, का लदाससंस्थानं वाराणसी, षष्ठं संस्करणम्, ई. १९९०

(६) वषय बिन्दु, शरद प्रकाशन आगरा, पंचम संस्करण ई. स. २०१२

(७) शर्मा गंगा सहाय, अथर्ववेद , संस्कृत साहित्य प्रकाशन नई दिल्ली, संस्करण २०१५

(८) शर्मा शम्भुजनुर्गजानन, श्रीमद्भगवद्गीता (शाङ्करभाष्याद्येकादशटीकोपेता), प्रथमो भागः, परिमल पब्लिकेशन्स, दिल्ली, पुनर्मुद्रित संस्करण, २०१८

(९) શાહ હર્ષદ, અખંડ ભારત સમર્થ ભારત, સાહિત્ય સાધના ટ્રસ્ટ અમદાવાદ, ચતુર્થ આવૃત્તિ ૨૦૨૨